## વડીલોને વંદન અભિનંદન



ચંદ્રસિંહ આર. બિહોલા
(૧૯૪૫)



ભગવાનભાઈ ગોહેલ
(૧૯૪૬)મો.૯૯૭૮૪૪૨૦૪૪



સરડોઈ ગ્રામ પંચાયત સરડોઈ ગામના મુખ્ય બજારમાં વસંતભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ સરડોઈ ગ્રામ પંચાયતે જે.સી.બી. મશીન બોલાવી તોડી પાડતાં ગામમાં ગેરકાયદેસર દબાણો કરી ઈમારતો અને દુકાનો ઉભી કરી દેનાર માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. (જય અમીન)

# મોડાસાના વિજતંત્રનો અંધેર વહિવટ અનઅધિકૃત રીતે અપાયેલા વિજ જોડાણા

મોડાસા તા.૩૧ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં વિજ જોડાણો આપવા માટે પૂર્વમાં આવેલી સરકારી ખુલ્લી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી છેલ્લા ઘણા સમયથી વ્યવસાયલક્ષી મામલતદાર કચેરી અને ઉત્તર ગુજરાત વિજ કંપની સમક્ષ વારંવાર મૌખિક અને લેખિત રજૂઆત કરી માર્ગે અહિંસક આંદોલનની સાથે જીલ્લા કક્ષાએ સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરવામાં આવશે. તેવુ જાણવા







વિજતંત્ર દ્વારા ગ્રાહકોને યુ.જી.વી.સી.એલ કંપનીના નિયમોનું ફરજિયાત પણે પાલન થાય ત્યારે જ વિજ જોડાણ આપવામાં આવે છે. જયારે આજ વિજતંત્ર દ્વારા મોડાસા શહેરમાં ગેરકાયદેસર દબાણ કરી વ્યવસાય કરનારાઓને વિજ જોડાણ આપી દેવાતા મોડાસા શહેરના શહીરજનો આવાક.

મોડાસા શહેરમાં શામળાજી રોડ ઉપર આવેલ શૈક્ષણિક સંકુલ શ્રી સરસ્વતી બાલમંદિર ટ્રસ્ટની બાજુમાં અનઅધિકૃત રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એટલુ જ નહિ ગેરકાયદેસર દબાણવાળી ઢેલીનો વગેરે ઉપર વિજતંત્ર એ વિજ જોડાણ પણ આપેલ હોવાથી તે વિજ જોડાણો કયા આધાર કે પુરાવાઓ ઉપર આપવામાં આવેલ છે તે બાબત આશ્ચર્યની સાથે સાથે વિજતંત્ર સામે ઉપરી અધિકારી કે કંપની વડે તપાસ માંગી યોગ્ય પગલા ભરવાની માંગ ઉઠી છે. આ અંગે નગરપાલિકા ઓફિસ નાયબ કલેકટર કચેરી, હોવા છતાં યોગ્ય પગલાં ભરવામાં આવેલ નથી. જેથી મોડાસા શહેરની જનતા વિજતંત્રના કર્મચારીઓ કે અધિકારીઓ સામે શંકાની નજરે જોઈ રહી છે. તથા આ અંગે મોડાસા નાગરિક બેંકના પૂર્વ ડિરેકટર અને ભાજપના કાર્યકર કેતન જે.ત્રિવેદીએ અધિક્ષક ઈજનેર યુ.જી.વી.સી.એલ હિંમતનગર અને નાયબ ઈજનેર મોડાસાને લેખિત ફરિયાદ કરેલ છે. અને જો સાત દિવસમાં યોગ્ય કાર્યવાહી નહિ થાય તો ગાંધી ચિંધ્યા મળેલ છે. તેમજ સરકારી જમીનના દબાણો દૂર કરવા અને ગેરકાયદેસર વિજ જોડાણ રદ કરી દૂર કરવા જણાવવામાં આવેલ છે. નગરપાલિકાને પણ દબાણો હટાવવા જાણ કરવામાં આવેલ છે.

વધુમાં મોડાસા શહેરના લોકોના મુખે ચર્ચાઓએ વેગ પકડયો છે કે એક વગદાર વ્યકિત આ સરકારી જમીન ઉપરના કબ્જેદારને સહયોગ આપી એની સામે ભાડુ ઉઘરાવવામાં આવી રહ્યુ છે.

### પાલનપુરમાં બજરંગદળનો લલકાર

# પી.કે.ફિલ્મના પ્રદર્શન સામે રોક લાગવવા કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુર તા.૩૧ આમીરખાન અભિનિત ફિલ્મ ''પી.કે.'' સામેનો હિન્દુ સંગઠનોનો વિરોધ હવે દેશવ્યાપી બનતો જાય છે. ત્યારે આજે પાલનપુર ખાતે પણ બજરંગ દળ દ્વારા ''પી.કે.'' ફિલ્મ સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. પી.કે. પીકચરના પોષ્ટરની હોળી કરી આ ફિલ્મ ઉતારી લેવાની માંગ સાથે કલેકટર કચેરીએ આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું.



પાલનપુર ખાતે બજરંગદળના ગણ્ગા ગાંઠયા કાર્યકરો દ્વારા ચીટનીશ ટુ કલેકટરન. આવેદનપત્ર સુપ્રત કરાયુ હતું. જેમાં પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ તળે થતી થર્ટીફર્સ્ટની ઉજવણી પર પાબંદી લગાવવાની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત હિન્દુઓની ધાર્મિક લાગણી દુભાવતી પી.કે.ફિલ્મ ઉતારી લેવાની માંગ કરાઈ હતી.

આવેદનપત્ર આપ્યા બાદ બજરંગદળના કાર્યકરો આબુ હાઈવે સ્થિત થિયેટર પર ઘુસી આવ્યા હતાફ જયાં તેઓએ પોલીસ બંદોબસ્ત વચ્ચે પી.કે.ફિલ્મના પોસ્ટરો પર ગુસ્સો ઠાલવી પોસ્ટરોની હોળી કરી હતી. બજરંગ દળે હિન્દુ ધર્મની હાંસી ઉડાવતી આ ફિલ્મના પ્રદર્શન પર રોક લગાવવાની સાથે તીખા તેવર દાખવતા અભિનેતા આમીરખાનને પણ દેશદોહ્રી ગણાવી તેને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી તેવું જણાવી તેના કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ કાર્યક્રમમાં બજરંગદળના અગ્રણી દુષ્યંત રાવલ, કાંતીભાઈ પુરોહીત, હિતેશ વ્યાસ, તેજસ રાવલ સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા.

# વડાગામ પંથકમાં આધારકાર્ડની કામગીરી પુનઃચાલુ કરવા માંગ

વડાગામ તા.૩૧ વર્ષના અંતિમ દિવસમાં રાંધણ ગેસના સિલિન્ડર લેવા માટે મોટી કતારો ખડકાઈ ગઈ છે. કારણ કે જાન્યુઆરી ૨૦૧૫ થી રાંધણ ગેસ સિલિન્ડરની સબસીડી જે તે ગ્રાહકના ખાતામાં જમા થવાની છે. અને રાંધણ ગેસના સિલિન્ડર બે ગણા મોંઘા ભાવે ખરીદવાની નોબત આવી છે. પરંતુ આધારકાર્ડના લિંકઅપ માટે કેન્દ્ર સરકારે તા.૩૧ માર્ચ સુધી લંબાવતા ગ્રાહકોમાં આનંદ છવાયો છે. જે ગ્રાહકો પાસે આધારકાર્ડ નથી તેઓએ કોઈપણ સંજોગોમાં ૩ મહિનામાં આધારકાર્ડ મેળવી લેવું પડશે તેવી સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે. આથી વડાગામ તથા આજુબાજુના પંથકના ગામડાઓમાં રાંધણગેસ ધારકો આધારકાર્ડથી વંચિત રહેતા આધારકાર્ડની કામગીરી સત્વરે તંત્ર ચાલુ કરવા માંગ કરી છે.

સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના અંદાજિત ૧ લાખથી પણ વધુ રાંધણ ગેસ ધારકો પૈકીના અધિકાંશ ગ્રાહક પાસે આજે પણ આધારકાર્ડ નથી. જેના કારણે આવા ગ્રાહકોને રાંધણ ગેસ સિલિન્ડરની સબસીડી તેમના બેંક એકાઉન્ટ મારફતે મેળવવા મુશ્કેલ થઈ રહી છે. આધારકાર્ડની એજન્સીની ગોકળ ગાયની ગતિથી કામગીરીના કારણે શહેરી વિસ્તારમાં પણ મોટાભાગના ગ્રાહકો આધાર કાર્ડ મેળવી શકયા નથી. ત્યાં ૩૧ ડિસે-૨૦૧૪ થી સરકાર દ્વારા રાંધણ ગેસ સિલિન્ડરની સબસીડી જે તે ગ્રાહકના બેંક એકાઉન્ટમાં જમા કરવાનો નિર્ણય કરવાની સાથે ગ્રાહકે પોતાની નજીકની ગેસ એજન્સી પાસે આ અંગેનું ફોર્મ ભરી બેંક એકાઉન્ટ જે બ્રાન્ચમાં હોય ત્યાં જમા કરાવવા તાકીદ કરી હતી. પરંતુ કોઈપણ કારણોસર જિલ્લાના હજારો રાંધણ ગેસ ધારકોને આધારકાર્ડ તેમની નિષ્ક્રિયતાના કારણે મળ્યું નથી. તો કેટલાક ગ્રાહકોને આધારકાર્ડ મેળવ્યું હતું છતાં વ્યવસ્થાના અભાવના કારણે મળી શકયુ ન હતું. જેથી કેન્દ્ર સરકારે લિંકઅપ માટે ૩૧ માર્ચ ૨૦૧૫ સુધી મુદત લંબાવતા અને જિલ્લાના ગ્રાહકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# ખેડૂતોના હિતેચ્છુ શાંતિલાલ પટેલનું અવસાન

સલાલ તા.૩૧ પ્રાંતિજ તાલુકાના ઘડી ગામના પતોતા પુત્ર અને ખેડૂત અગ્રણી શાંતિલાલ કોદરલાલ પટેલનું અવસાન થતા. મોડાસીયા સમાજ સહિત પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

સ્વગર્સ જિલ્લા પંચાયતના સોનાસણ સીટના ચાલુ સદસ્ય હતા તેમજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત વિભાગના ડિરેકટર રહ્યા હતા. સ્વ.શાંતિલાલ પટેલની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો અને જનસમુદાય જોડાયો હતો. સ્વગર્સ્થ મિલનસાર સ્વભાવના સ્પષ્ટ વકતા હતા. તેમના જવાથી ન પુરાય તેવી ખોટ પડી છે. પ્રાંતિજ માર્કેટયાર્ડનું સંચાલક મંડળ તથા કર્મચારી પરિવારજનોએ શ્રધ્ધાંજલિ અર્પી હતી.

## સહકારી અગ્રણીનું દુઃખદ અવસાન

પ્રાંતિજ તાલુકાના ફતેપુરના અમીચંદભાઈ હીરાભાઈ પટેલનું બુધવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સાબરકાંઠા જિલ્લા સહકારી અગ્રણી અને સાબરકાંઠા બેંકના વર્ષો સુધી ચેરમેન તરીકે સેવાઓ આપી હતી. સ્વ. સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશકુમાર પટેલના પિતા થાય છે.

## શબ્દાવલી - ૫૬૦૪



### આડી ચાવી

૧. કામકાજ કરવાની જેની વૃત્તિ ના હોય તેવું (૪)
૪. સવારી કરનાર (૩)
૬. યોગ્ય સમયે હાજર (૫)
૭. એક પ્રકારની ભાજી (૨)
૮. વલોવવું તે (૩)
૧૦. નથડી (૨)
૧૨. ડગલુ - પગલું (૨)
૧૪. આજુબાજુ (૪)
૧૬. હેસિયત (૩)
૧૭. ગીમદ્રાવ (૨)
૨૦. તપસ્યા (૩)
૨૧. રટણ (૨)

### ઊભી ચાવી

૧. પરાક્રમ, કારનામા (૪)
૨. ચોરસ ટૂકડો (૩)
૩. નયનરમ્ય, સુંદર (૪)
૪. અસ્પષ્ટ, અનુમતિ (૫)
૫. સ્વાર્થ, જરૂરિયાત (૩)
૯. પાસ ના હોય તેવું (૩)
૧૧. ધબકારો, થડકાટ (૪)
૧૩. ગયેલ, વીતી ગયેલ (૨)
૧૪. આરાધવું, આરાધ્ય દેવની પૂજા (૧૫)
૧૫. અતિશય, પુષ્કળ (૪)
૧૬. આરો..., ઘાટ (૩)
૧૯. દોરડા પર નાચનાર વ્યક્તિ, વેશ ભજવનાર (૨)

### શબ્દાવલી ૫૬૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વેરાન (૩) વરણાગી (૬) પાન (૭) લુણ (૮) ઘસરકા (૧૧) રજા (૧૩) એશઆરામ (૧૬) હેત (૧૮) ખજુરાહો (૧૯) ચલમ (૨૦) તમ (૨૧) તરાના (૨૨) લતા

**ઊભી ચાવી :-** (૧) વેપારી (૨) રાન (૩) વલુર (૪) રણ (૫) ગીટાર (૯) સહારા (૧૦) કેશ (૧૨) જાહેરાત (૧૩) એકત્રિત (૧૪) આલોચના (૧૫) મખમલ (૧૭) તહોમત





**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

# બી.ડી. શાહ કોલેજ ઓફ એજયુકેશનના નેશનલ સેમિનારમાં સહકારિતા બદલ સન્માન

મોડાસા, તા.૩૧ મોડાસાને વિદ્યાનગરીનો દરજ્જો અપાવનાર મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ દ્વારા કુલ ૧૬ સંસ્થાઓ એક જ સંકુલ પર ગુણવત્તા યુકત રીતે ચાલે છે. આ સમગ્ર સંસ્થાઓ પૈકી શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે નામાંકીત બી.ડી શાહ કોલેજ ઓફ એજયુકેશન દ્વારા તા. ૨૭-૧૨-૨૦૧૪ને શનિવારના રોજ એજયુકેશન 'સ્પેકટ્રમ ઈન ઈન્ડિયા ઈસ્યુઝ, ટ્રેન્ડઝ એન્ડ હોરાઈઝોન' વિષય પર નેશનલ સેમિનાર ખૂબ જ ભવ્ય રીતે સંપન્ન થયો. જેમાં ૩૦૦ સારસ્વતોએ ગુજરાતભરમાંથી વિવિધ યુનિવર્સિટીઓમાંથી આવીને સહભાગી બન્યા. અને ૧૨૦ સારસ્વતોએ પોતાના શોધપત્રો અલગ અલગ ત્રણ સબ થીમ પર રજૂ કર્યા. કોલેજ દ્વારા પેપર પ્રેઝન્ટેશન માટે એલ.સી.ડી. પ્રોજેકટરની અને સ્કીનની ત્રણેય સ્થાને વ્યવસ્થા કરાઈ હતી. રજૂ થયેલ ૧૨૦ શોધ પત્રોમાંથી ૮૪ શોધપત્રોની આઈએસબીએન નંબર ધરાવતું પુસ્તક હેમ.ઉ. યુનિ. પાટણના ઉપકુલપતિ ડૉ. દીપુબા દેવડાના વરદ હસ્તે થયું હતું.



આ પુસ્તકને પ્રકાશિત કરવા સંસ્થાને એસેન્ટ પબ્લિકેશન, મોડાસાના પબ્લિસર સલીમ ડી. પટેલનો ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. માત્ર ૨૧ દિવસના સમયગાળામાં નિમંત્રણ કાર્ડ મોકલી સંશોધન પત્રો મેળવી તેની સ્કૂટીની કરી એડીટેરીયલ બોર્ડ દ્વારા આવેલ સંશોધનપત્રોને પ્રકાશિત કરવામાં સલીમ પટેલનો એક કોલેજ પરિવારના સભ્યની જેમ સહકાર મળ્યો હતો. જેની નોંધ લઈ કોલેજના આચાર્ય ડૉ. જી.પી. રાવલે તેમને કોલેજની પ્રાર્થનાસભામાં બોલાવી તેમનું અભિવાદન કર્યુ હતું. આજકાલ મીડીયાને કાર્યક્રમનો પ્રચાર અને પ્રસાર કરી સમાજ સુધી માહિતી પહોંચાડવામાં પ્રમુખ ભૂમિકા હોય છે. જી.આઈ. ખાલક (પત્રકાર) તેમણે સમાચાર પ્રસિદ્ધ કરવા બદલ તેમનું પણ પ્રાર્થના સભામાં બોલાવી બહુમાન કરવામાં આવ્યું હતું.

## સામાન્ય સભા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જે પ્રસ્તાવમાં ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિના લિવિંગ સર્ટિફિકેટમાં ધર્મ અને જ્ઞાતિ બદલી શકાતા નથી. આથી જાહેર હિતમાં ધર્મ અને જ્ઞાતિ લિવિંગ સર્ટિફિકેટમાં સુધારી આપવા અંગેનો છે. બોર્ડના નિયમ મુજબ સામાન્ય સભામાં કોઈ બોર્ડ સભ્ય પ્રસ્તાવ મુકે તો તે પ્રસ્તાવ સામાન્ય સભામાં મુકવો કે કેમ. તે નિર્ણય કારોબારી સમિતિ નક્કી કરે છે. કારોબારી સમિતિની આ માટે સામાન્ય સભા પૂર્વે બીજી જાન્યુઆરીને શુક્રવારના રોજ બેઠક મળનાર છે. જેમાં આ પ્રસ્તાવ ઉપર ચર્ચા થશે. પ્રસ્તાવ ધર્મ પરિવર્તનને લગતો વિવાદી હોય, બીજી જાન્યુઆરીના રોજ મળનાર કારોબારી સમિતિ શું નિર્ણય કરે છે, તે ઉપર સામાન્ય સભામાં આ વિવાદી પ્રસ્તાવ ઉપર ચર્ચા થશે. ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત બોર્ડ સભ્યોના પ્રશ્નો ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહિનું પુનઃ મૂલ્યાંકન, નિષ્ફળ ગયેલ સેમેસ્ટર પદ્ધતિ, જુન ૨૦૧૩-૧૪થી મંજુર થયેલ શાળાઓની બાકી નોંધણી જેવા પ્રશ્નો ચર્ચાવાના હોઈ સામાન્ય સભા તોફાની બની રહે તેવી શક્યતા છે.

## ભવ્ય ગેન્ટ્રી તૈયાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ચ-૦ અને ખ-૦ પાસે ભવ્ય ગેન્ટ્રી ઉભી કરવામાં આવી છે. નોખી ભાતની ડીઝાઈન આધારિત આ ગેન્ટ્રી પર વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને વેલકમ કરતી આ ગેન્ટ્રી પર વિવિધ ત્રણ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતી અને અંગ્રેજી સાથે આ વખતે પ્રથમવાર હિન્દી ભાષામાં પણ ગેન્ટ્રી પર વાઈબ્રન્ટના વધામણા માટે લખાણ નજરે પડે છે.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**
SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) માંગણી મુજબ (ON CALL) પૂરી પાડવા અંગે**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકની સરકારી વાહન વ્યવહાર સેવા, સેક્ટર-૩૦, ગાંધીનગર કચેરીમાં વાહન સુવિધા સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ) ગાંધીનગરની સુચનાસુર (હંકારનારની સેવા સાથે) માંગણી મુજબ (ON CALL) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો. એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કાવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક સુધી તારીખ ૯-૧-૨૦૧૫ સુધીમાં કચેરી ખાતેથી મેનેજરશ્રી, સરકારી વાહન વ્યવહાર સેવા, ગાંધીનગરના નામનો રૂ. ૫૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વિગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૩-૧-૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો હાજર રહેલ એજન્સીની સમક્ષ તારીખ ૨૭-૧-૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ખોલવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** — **મેનેજર, સરકારી વાહન વ્યવહાર સેવા**
**તારીખ : ડીસે/૨૦૧૪** — **ગાંધીનગર**

માહિતી/૨૦૮૭/૨૦૧૪-૧૫